અપીલ અરજી નં.૨૩૨ તા.૨૭–૧૦–૦૯/૧૦

અરજદારઃ– શ્રી હરેશ ડી. જોગાણી
સામાવાળાઃ–(૧) એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી
(૨) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :***– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હરેશ ડી. જોગાણીની તા.૧–૯–૦૯ નીઅરજીથી ૧.વર્ષા સોસાયટી વિભાગ–૨,(૨) નિલકંઠ સોસા.(૩) બાપા સીતારામની મઢુલી (૪) સાગર સોસાયટી, (૫)મણીબા નગર સોસાયટી, (૬)રામ રાજય સોસાયટી, (૭)પરીમલ સોસાયટીઓમાં વર્ષ–૨૦૦૬ માં સુરત શહેરમાં આવેલા તાપી નદીનાં પુરના પાણી પ્રવેશેલા કે કેમ? જો પ્રવેશેલા હોય તો વધુમાં વધુ કેટલા ફુટ ની ઉંચાઈ સુધી આવેલા અને કઈ તારીખથી કઈ તારીખના સમયગાળા સુધી તે પુરના પાણી સદરહુ સોસાયટીમાં રહેલા તેની વિગત આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૭–૧૦–૦૯ ની અપીલ અરજી નં.૨૩૨/૨૦૦૯–૧૦

શ્રી હરેશ ડી. જોગાણીની તા.૧–૯–૦૯ નીઅરજીથી શ્રી હરેશ ડી. જોગાણીની તા.૧–૯–૦૯ નીઅરજીથી (૧)વર્ષા સોસાયટી વિભાગ–૨,(૨) નિલકંઠ સોસા.(૩) બાપા સીતારામની મઢુલી (૪) સાગર સોસાયટી, (૫)મણીબા નગર સોસાયટી, (૬)રામ રાજય સોસાયટી, (૭)પરીમલ સોસાયટીઓમાં વર્ષ–૨૦૦૬ માં સુરત શહેરમાં આવેલા તાપી નદીનાં પુરના પાણી પ્રવેશેલા કે કેમ? જો પ્રવેશેલા હોય તો વધુમાં વધુ કેટલા ફુટ ની ઉંચાઈ સુધી આવેલા અને કઈ તારીખથી કઈ તારીખના સમયગાળા સુધી તે પુરના પાણી સદરહુ સોસાયટીમાં રહેલા તેની વિગત આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર ન મળવાથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૭–૧૦–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૩૩ તા.૪–૧૧–૦૯ થી એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (હાઈડ્રોલીક) અને ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/એપેલેટ/આરટીઆઈ/અરજી નં.૨૬૪ તા.૧૦–૧૧–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે જેમાં નોંધ વિભાગ અરજદારની મુળ અરજીની નકલ, સે.ઝોન/આરટીઆઈ/ ૭૩૭ તા.૪–૯–૦૯ થી કાર્યપાલક ઈજનેર વરાછાઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, નં.ઈ.ઝેડ/આરટીઆઈ સેલ/આ.નં.૨૬૪ તા.૧૮–૯–૦૯ થી સીટી ઈજનેરશ્રીને તબદીલ કર્યાની નકલ, એચ.ઈ.ડી/આ.નં.૧૯૯૮ તા.૯–૧૦–૦૯ થી મ. જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર હાઈડ્રોલીક ધ્વારા પુનઃ વરાછાઝોનને તબદીલ કર્યાની નકલ રજૂ કરેલ છે. જયારે એચ.ઈ.ડી/આ.નં.૨૩૩૦ થી તા.૧૧–૧૧–૦૯ ના રોજ અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. જેમાં એચ.ઈ.ડી/આ.નં.૧૯૯૮ તા.૯–૧–૦૯ નો તબદીલ પત્ર, ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં૨૬૪ તા.૧૮–૯–૦૯ તબદીલ પત્ર, નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક નં.૭૩૭ તા.૪–૯–૦૯ નો તબદીલ પત્ર તથા અરજદારની મુળ અરજીની નકલ અત્રે રજૂ કરેલ છે.

અરજદારની તા.૧–૯–૦૯ ની અરજીથી ઉપરોકત વિષય સંદર્ભે જાહેર માહતી અધિકારી પૂર નિયંત્રણ વિભાગ સુરત મહાનગરપાલિકા મુખ્ય કચેરી મુગલીસરા,સુરતને અરજી કરવામાં આવેલ છે સેન્ટ્રલ ઝોન તરફથી નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક નં.૭૩૭ તા.૪–૯–૦૯ ના રોજ ત કાર્યપાલક ઈજનેર ઈસ્ટઝોનને મોકલવામાં આવેલ.જે અરજી ઈ.ઝેડ/આરટીઆઈ સેલ/આ.નં.૨૬૪ તા.૧૮–૯–૦૯ થી સમગ્ર શહેરમાં જે તે વર્ષમાં આવેલ પૂર અંગેનો રેકર્ડ સીટી ઈજનેર સ્પે. સેલ માં ઉપલબ્ધ હોય તેવું પૂરક વિગતની માહિતીમાં જણાવ્યા અનુસાર અરજી સીટી ઈજનેરશ્રી (સ્પે)સેલને તેમના અધિકારક્ષેત્રમાં આવતી હોવાનું જણાવી તબદીલ કરવામાં આવેલ. ત્યાર બાદ સદર અરજી એચઈડી/આંન.૧૯૯૮ તા.૯–૧૦–૦૯ થી વરાછાઝોન તરફથી અત્રે પૂર ૨૦૦૬ માં ઝોન મેપ જરૂર મળેલ છે પરંતુ તેમાં સોસા.ના નામ દર્શાવેલ નથી. જેથી ચોકકસ લોકેશન મુજબ તે સ્થળે કેટલા પાણી હતાં તથા કયા સમયગાળા દરમ્યાન હતા તે અંગેની સચોટ માહિતી ઝોન તરફથી આપવા ઝોનને તબદીલ કરવામાં આવેલ.પરંતુ તે અંગે ત્યાર બાદ પણ જાહેર માહિતી અધિકારી વરાછાઝોન કક્ષાએથી માહિતી આપવા કોઈ કાર્યવાહી થયેલ હોય તેવી વિગતો અપીલના સમય સુધીમાં રજૂ કરેલ જણાતી નથી. અત્રે મળેલ માહિતીની વિગતો જોતાં બંને જાહેર માહિતી અધિકારીઓએ અરજીની માહિતી માટે અરજી વિલંબથી તબદીલ કરેલ છે. પરંતુ કોઈ જાહેર માહિતી અધિકારીએ ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી પૂરી પાડેલ હોય તેવું જણાતું નથી કે નહીં પૂરી પાડવા બાબતે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ ના અપવાદ હેઠળ ઈન્કારનું કોઈ કારણ જણાવેલ નથી. જેથી અરજદારે તા.૨૭–૧૦–૦૯ ના રોજ માહિતી અંગે કોઈ નિર્ણય મળ્યો ન હોવાનું જણાવી અપીલ અરજી કરેલ છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧–૯–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી નહી પૂરી પડાયેલ હોય આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ લાગત જાહેર માહિતી અધિકારી કક્ષાએ ઉપલબ્ધ માહિતી વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તથા એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

***નં.આરટીઆઈસેલ/***
***તારીખ : –૧૧ –૦૯***

***ડે.કમિશનર(જનરલ)***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ,***
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તથા એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી .....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી હરેશ ડી. જોગાણી